# વૈદિક યુગનું સામાજિક જીવન

ડો.ગીતા ડી.મારુ
અધ્યાપક સહાયક,
એમ.બી.કોમર્સ & જી.એમ.એન.લાલજી આર્ટ્સ કોલેજ, દહેગામ

# પ્રસ્તાવના.

- ઋગ્વૈદિક સમાજની સૌથી નાની સંસ્થા “કુળ અથવા ગૃહ હતી. આર્ય સામાજિક જીવનનો પાયો કુટુંબ કે પરિવાર હતું. પરિવારના તમામ સભ્યો સાથે રહેતા હતા.
- પરિવારની તમામ જવાબદારી પરિવારના વડા ગૃહપતિની રહેતી હતી.
- વેદકાલીન સમાજ સંયુકત કુટુંબપ્રથા ધરાવતો હતો, તથા સમાજમાં પરિવારો કે કુટુંબમાં પિતૃસત્તાક સમાજ વ્યવસ્થા અસ્તિત્વમાં હતી. સમાજમાં પુરુષોનું વર્ચસ્વ હતું.

# વૈદિક યુગનું સામાજિક જીવનના લક્ષણો.

1. પિતૃપ્રધાન- સંયુકત કુટુંબ વ્યવસ્થા.
2. લગ્નપ્રથા.
3. સ્ત્રીઓની સ્થિતિ.
4. ખોરાક કે ખાનપાન.
5. વસ્ત્ર કે પોશાક.
6. આભૂષણો.
7. વર્ણાશ્રમ વ્યવસ્થા.
8. આનંદપ્રમોદના સાધનો.
9. દાસપ્રથા- ગુલામપ્રથા

# પિતૃપ્રધાન- સંયુકત કુટુંબ વ્યવસ્થા.

- આર્ય સમાજમાં સૌથી નાનો એકમ કુટુંબ કે પરિવાર હતો. પરિવારનો વડાને ગૃહપતિ તરીકે ઓળખવામાં આવતો.
- ગૃહપતિનું સ્થાન સૌથી ઊંચું હતું, પિતૃપ્રધાન પ્રથા અસ્તિત્વમાં હતી. ગૃહપતિપદ વંશાનુગત હતું.
- સંયુકત કુટુંબપ્રથા હોવાથી, કુટુંબના તમામ સભ્યોને ગૃહપતિની આજ્ઞાનું પાલન કરવું પડતું હતું.

# લગ્નપ્રથા.

- વૈદિક યુગમાં વિવાહ કે લગ્નને એક પવિત્ર સંસ્કાર માનવામાં આવતા હતા. વર અને વધુ ને સંમ્મિલિત રૂપમાં “અર્ભ” એટલે કે દંપત્તિ તરીકે ઓળખવામાં આવતા હતા.
- વૈદિક યુગમાં મુખ્યત્વે બે પ્રકારના વિવાહના ઉલ્લેખ જોવા મળે છે.

1. અનુલોમ વિવાહ: આમાં પુરુષ ઉચ્ચ વર્ણ તથા કન્યા નિમ્ન વર્ણની રહેતી હતી.
2. પ્રતિલોમ વિવાહ: આમાં પુરુષ નિમ્ન વર્ણનો અને કન્યા ઉચ્ચ વર્ણની રહેતી હતી.

# સ્ત્રીઓની સ્થિતિ.

- સમાજમાં સ્ત્રીઓની સ્થિતિ ઘણીજ સારી હતી, કન્યાઓનો પણ ઉપનયન સંસ્કાર કરવામાં આવતો હતો. જેથી કન્યાઓ પણ પુરુષની જેમ શિક્ષણ પ્રાપ્ત કરી શકતી હતી.
- લોપામુદ્રા, ઘોષા, સિકતા, વિશ્વાસુરા, અપાલા, નિવાવારી, વગેરે વિદૂષિઓએ ઘણાં મંત્રોની રચના કરેલી.
- વૈદિક યુગમાં સ્ત્રીઓ સભા અને વિદથમાં પણ ભાગ લેતી હતી.
- આ સમયે સમાજમાં પુનઃવિવાહ, નિયોગપ્રથા, બહુપતિપ્રથા તથા સ્વયંવરની પ્રથાઓ પ્રચલિત હતી. દહેજપ્રથા, પડદાપ્રથા, સતીપ્રથા જેવી કોઈપણ કુરીતિઓ કે કુપ્રથાઓ અસ્તિત્વમાં ન હતી.
- આ સમયે સ્ત્રીઓને સંપત્તિમાં અધિકાર ન હતો.

# ખોરાક કે ખાનપાન.

- આર્ય લોકો શાકાહારી અને માંસાહારી એમ બંને પ્રકારના ખોરાક લેતા હતા.
- ગાય સિવાયના અન્ય પ્રાણીઓનું માંસાહારમાં ઉપયોગ કરતાં હતા.
- આર્યોના પ્રિય પીણાંઓમાં સોમ અને સુરા મુખ્ય પીણાં હતા. સોમના પાનને પ્રસંસનીય અને સુરાના પાનને નિંદનીય ગણવામાં આવતું હતું.

# વસ્ત્ર કે પોષાક.

- વૈદિક યુગમાં ત્રણ પ્રકારના પોષાક પ્રચલિત હતા.

1. નીવી (અધોવસ્ત્ર) શરીરના નીચલા ભાગમાં પહેરવામાં આવતું વસ્ત્ર.
2. વાસ (ઉત્તરીય) શરીરના મધ્યભાગે પહેરવામાં આવતું વસ્ત્ર.
3. અધિવાસ(દ્રાપિ) શરીરના ઉપરથી ઢાંકવા માટે વપરાતું વસ્ત્ર.

- આર્યો સુતરાઉ, ઉન તથા ચામડાના વસ્ત્રો પહેરતા હતા. તેઓના વસ્ત્રો સિવેલા અને સીવ્યા વગરના એમ બંને પ્રકારના હતા.

# આભૂષણો.

- વૈદિક સમાજમાં સ્ત્રીઓ અને પુરુષો બંને આભૂષણોના શોખીન હતા.
- તેઓ ગળામાં હાર, કાનમાં બુટ્ટી, નાકમાં નથણી, હાથમાં બંગડી, કડલા, કમરમાં કટિબંધ, ઝાંઝર, બાજુબંધ, વગેરે અનેક પ્રકારના આભૂષણો પહેરતા હતા.
- તેઓના આભૂષણો સોના, તાંબા, કાંસાના બનેલા હતા, ચાંદીનો ઉલ્લેખ સ્પષ્ટ મળતો નથી, પણ અમુક પ્રદેશોમાં ચાંદીના આભૂષણો પ્રચલિત હતા.

# વર્ણાશ્રમ વ્યવસ્થા.

- વૈદિક સમાજની સૌથી મહત્વની વ્યવસ્થા ચાર વર્ણો અને ચાર આશ્રમોની હતી
- ચાર વર્ણો નીચે મુજબ હતા.

1. બ્રાહ્મણ
2. ક્ષત્રિય
3. વૈશ્ય
4. શુદ્ર

- ચાર આશ્રમો નીચે મુજબ હતા.

1. બ્રહમચર્યાશ્રમ
2. ગૃહસ્થાશ્રમ
3. વાનપ્રસ્થાશ્રમ
4. સંન્યાસ્થાશ્રમ

# આનંદપ્રમોદના સાધનો.

- આર્યોના આનદપ્રમોદમાં મુખ્યત્વે રથદોડ, સાંઠમારી, ધુતક્રીડા (જુગાર), ગીત-સંગીત, નાચ-ગાન, વિવિધ સમારંભો અને ઉત્સવોનો સમાવેશ થતો હતો.
- આર્યો સંગીતના શોખીન હતા. સાત સૂરોનું તેઓને જ્ઞાન હતું. તેઓ દદુંભી, કર્કરી, વીણા તથા મૃદંગ જેવા સંગીતના વાદ્યોનો ઉપયોગ કરતાં હતા.
- તેઓ રથો અને ધોડાઓની દોડની સ્પોર્ધાઓનું આયોજન કરતાં હતા.

# દાસપ્રથા- ગુલામપ્રથા.

- વૈદિક યુગમાં દાસપ્રથા પ્રચલિત હતી. દાસ તરીકે સ્ત્રીઓ અને પુરૂષોને પુરોહિતોને દક્ષિણારૂપે આપવામાં આવતા હતા. દક્ષિણારૂપે અપાયેલા દાસો પાસેથી ઘરનું કામ કરાવવામાં આવતું હતું.